# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: નેહલ ઠક્કર

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૦૮-૧૦-૨૦૨૪ મંગળવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## ગૃહ રાજ્યમંત્રી-કચ્છની મુલાકાતે:

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આવતીકાલે કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ આવતીકાલે સવારે પોલીસ હેડક્વાર્ટર, ભુજ ખાતે આયોજિત જાહેર કાર્યક્રમમાં ગુજરાત પોલીસ હાઉસિંગના 144 મકાનોનું લોકાર્પણ , ભચાઉ ખાતેથી એસ.આર.પી ગ્રુપ-16 કક્ષા બી-72ના આવાસોનું ઈ-લોકાર્પણ , ગાગોદર પોલીસ સ્ટેશનનું ઈ-લોકાર્પણ , પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ પરિવાર ગૌશાળા શિણાય-ગાંધીધામનું ઈ-ખાતમૂહુર્ત , નારાયણ સરોવર બસ સ્ટેશનનું ઈ-લોકાર્પણ અને અંજાર ડેપો વર્કશોપના કામનું ઈ-ખાતમૂહુર્ત કરશે.

આ કાર્યક્રમ બાદ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી બપોરે માતાના મઢ ખાતે મા આશાપુરાના દર્શન કરશે.

- (માહિતી ખાતું, ભુજ)

---

## ભુજ-વિકાસ સપ્તાહની ઉજવણી:

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તા રીખ ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે.

આ ઉજવણી અંતર્ગત આજે જિલ્લા માહિતી કચેરી ભુજના અધિકારીઓ અને કર્મચારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી. કચેરીના સૌ અધિકારીઓ અને કર્મચારીઓએ ભારતને વિકસિત બનાવવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નેમને બિરદાવીને તે માટે હંમેશા કાર્યરત બનવાની પ્રતિબદ્ધતા દાખવી હતી. એક ભારત શ્રેષ્ઠ ભારત સૂત્રને સાકાર કરવા સૌ કર્મચારીઓ સંકલ્પબદ્ધ થયા હતા.

જયારે, કચ્છ જિલ્લા સેવા સદન ખાતે પ્રાંત અધિકારી ડૉ. અનિલ જાદવના અધ્યક્ષસ્થાને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. જિલ્લા સેવા સદન ખાતે ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મયોગીએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લઈને વિકસિત ભારત બનાવવામાં પોતાનું યોગદાન આપવા નિશ્ચય કર્યો હતો.

તો, સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ, ભુજ ખાતે કર્મચારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લઇને વિકસિત ભારત બનાવવામાં પોતાનું યોગદાન આપવા નિશ્ચય કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા ઓનલાઈન લઈ શકાય તે હેતુથી pledge.mygov.in પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં જીલ્લાના નાગરિકોને પ્રતિજ્ઞા લઈને સર્ટિફિકેટ મેળવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

- (માહિતી ખાતું, ભુજ)

---

## માતાના મઢ-વિશેષ બસ ટ્રીપ:

આસો નવરાત્રિમાં માતાના મઢમાં મોટી સંખ્યામાં પદયાત્રીઓ અને શ્રધ્ધાળુઓ દર્શને આવે છે. જેથી એસટી વિભાગ દ્વારા ગત 29મી સપ્ટેમ્બરથી ખાસ વિશેષ બસો દોડાવવાનું આયોજન કરાયું હતું.

આજે મંગળવાર સુધી 1700 ટ્રીપો થઇ છે જેમાં 53 હજાર મુસાફરોએ તેનો લાભ લીધો છે. તો, આ ટ્રીપોથી એસટી તંત્રને 67 લાખ જેટલી આવક થઇ છે.

માતાનામઢમાં દશેરા સુધી શ્રધ્ધાળુઓનો ધસારો રહેતો હોવાથી એસટી તંત્ર દ્વારા દશેરા સુધી 30 જેટલી વિશેષ બસો દોડાવવામાં આવશે તેવું એસટીના વિભાગીય નિયામક યોગેશ પટેલે જણાવ્યું હતુ. (બાઇટ : યોગેશ પટેલ)

- (પરેશ મારુ)

---

## બન્નીં-ચિત્તલ સંવર્ધન કેન્દ્ર:

બન્નીમાં આગામી સમયમાં ચિતલ સંવર્ધન કેન્દ્ર સ્થાપિત થવાનું છે , જેના ભાગરૂપે મોરબી જિલ્લાના વાંકાનેર પાસે આવેલા રામપરાથી 20 ચિતલને બન્ની ખાતે લાવવામાં આવ્યા છે.

આગામી સમયમાં બન્નીમાં જ્યારે ચિત્તા માટેનું સંવર્ધન કેન્દ્ર સ્થાપિત થવાનું છે, ત્યારે ચિત્તાના ખોરાક અને બ્રિડિંગના એક ભાગરૂપે ચિતલને બન્ની વિસ્તારમાં મુકવામાં આવ્યા છે. આગામી દિવસોમાં વધુ ચિતલને અહીં લાવવાની વનતંત્રની યોજના છે.

ચિતલ હરણ માટે 100 હેકટર વિસ્તારમાં ફેન્સીંગ કરી તેના માટે બ્રીડીંગ સેન્ટર ઉભું કરાયું છે. અને સીસીટીવી કેમેરા દ્વારા તેમનું મોનીટરીંગ કરવામાં આવશે.. ચિતલને બન્નીમાં લાવવા માટે ખાસ પ્રકારના વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો..

- (પરેશ મારુ)

---

## અદાણી-રકત એકત્રીકરણ:

જી.કે. જનરલ અદાણી હોસ્પિટલની બ્લડબેન્ક દ્વારા ગત સપ્ટેબાર માસમાં 2.87 લાખ સીસી રક્ત એકત્રિત કરતા ચાલુ માસમાં હોસ્પિટલ ના ગાયનેક, સર્જરી, ઈમરજન્સી તેમજ અન્ય વિભાગ માટે રક્ત પૂરૂં પડાયું હતું.

જીલ્લામાં યોજાતા કેમ્પ ઉપરાંત સ્થાનિકે બ્લડબેન્કમાં જ 1.17 લાખ સીસી રક્ત એકત્ર કરાયું હતું, જ્યારે 1.69 લાખ સીસી બ્લડ જુદા-જુદા પાંચ કેમ્પ મારફતે મેળવવામાં આવ્યું હતું.

હોસ્પિટલમાં લોહીની જરૂરિયાત પૂરી કરી શકાય એ હેતુસર બ્લડબેંક દ્વારા રક્તદાતાઓને રક્તદાન માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

- (પરેશ મારુ)

---

## ભુજ નગર પાલિકા-વેરા વસુલાત આવક:

ભુજ નગરપાલિકા દ્વારા મિલકત માલિકો પાસેથી વેરા અને ચાર્જ ઉપરાંત અન્ય આવકના સ્રોતમાંથી હિસાબી વર્ષ 2024-25 દરમિયાન 20 કરોડ રૂપિયાની આવકનો લક્ષ્યાંક રખાયો હતો, જેમાં એપ્રિલથી સપ્ટેમ્બર સુધીના 6 મહિના દરમિયાન 9 કરોડ 26 લાખ રૂપિયા વસૂલીને અડધા લક્ષ્યાંકની નજીક પહોંચી ગઈ છે.

દિવાળી પછી જાન્યુ આરી, ફેબ્રુઆરી અને માર્ચ માસ દરમિયાન કરદાતાનો સારો એવો ધસારો રહેતો હોય છે , જેથી બાકીની રકમ પણ વસૂલાઈ જાય એવી શક્યતા છે તેવું ટેક્સ સુપ્રિન્ટેન્ડેન્ટ અરવિંદસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

- (NP, નેહલ ઠક્કર)

---